


પાટનગરનું પોતાનું અખબાર


# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૧) અંક નં. ૨૫૮ | ૨૯ નવેમ્બર, ૨૦૧૬, મંગળવાર ; કારતક વદ - ૦)) | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦



ગેરન્ટેડ ગિફ્ટ કુપન

અહીંથી કાપો





# લોકસભામાં ઈન્કમટેક્સ સુધારા બિલ રજૂ

**ભારે ધાંધલ-ધમાલ વચ્ચે નાણામંત્રીએ સુધારા બીલ રજુ કર્યું : બિનહિસાબી આવકના ૨૫ ટકા હિસ્સાને ગરીબ પર ખર્ચ કરાશે : ૮મી નવેમ્બરના દિવસે નોટબંધીની જાહેરાત બાદથી જમા કરવામાં આવેલી બિનહિસાબી આવક પર ૩૦ ટકા ટેક્સ, ૧૦ ટકા દંડ અને ૩૩ ટકા સરચાર્જ**



મુંબઈ, તા. ૨૮

રૂપિયા ૫૦૦ અને ૧૦૦૦ની નોટ ઉપર પ્રતિબંધ મુકવામાં આવ્યા બાદ દેશભરની બેંકોમાં જમા થયેલી બિનહિસાબી આવક ઉપર ટેક્સ વસુલ કરવા માટે નાણામંત્રી અરુણ જેટલીએ આજે લોકસભામાં ઈન્કમટેક્સ સુધારા બિલ રજૂ કરી દીધું હતું. આ બિલ મુજબ ૮મી નવેમ્બરના દિવસે નોટબંધીના એલાન બાદથી જમા કરવામાં આવેલી બિનહિસાબી આવક પર ૩૦ ટકા ટેક્સ, ૧૦ દંડ અને ૩૩ ટકા સરચાર્જની વસુલાત કરવામાં આવશે. આ સરચાર્જ કુલ ટેક્સ ઉપર વસુલવામાં આવનાર છે જે ૧૩ ટકાની આસપાસ રહેશે. સરચાર્જને વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ગરીબ કલ્યાણ સેઝનું નામ આપ્યું છે. એટલું જ નહીંજો સંબંધિત વ્યક્તિ પોતે આ રકમની જાહેરાત કરશે નહીં તો આવકવેરા વિભાગ પકડી પાડે છે તો આ રકમ ઉપર ૭૫ ટકા ટેક્સ અને ૧૦ ટકા દંડ લાગશે. આ બિલની સૌથી ખાસ બાબત છે કે, ૨.૫ લાખ રૂપિયાથી વધુની બિનહિસાબી આવકના ૨૫ ટકા હિસ્સાને સરકાર

● અનુસંધાન પાન-૭ પર

## નવજોત કૌર અને પરગત કોંગ્રેસમાં જોડાયા

નવીદિલ્હી,તા. ૨૮

ભાજપમાંથી અમૃતસરના ધારાસભ્ય અને પૂર્વ ક્રિકેટર નવજોત સિદ્ધૂના પત્નિ નવજોત કૌર આજે પંજાબ વિધાનસભાની ચૂંટણી પહેલા કોંગ્રેસ પાર્ટીમાં સામેલ થઈ ગયા છે. આની સાથે જ છેલ્લા કેટલાક દિવસથી ચાલી રહેલી ચર્ચાઓનો અંત આવી ગયો છે. નવજોત કૌર ઉપરાંત કોંગ્રેસ પાર્ટીમાં સામેલ થયેલાઓમાં પૂર્વ હોકી ખેલાડી અને અકાળી દળના પૂર્વ ધારાસભ્ય પરગતસિંહનો સમાવેશ થાય છે.

## મોહાલી ટેસ્ટમાં ઈંગ્લેન્ડ પર ભારતની જીત શક્યતા

**ભારત આજે જીત માટેની ઔપચારિકતા પૂર્ણ કરીને શ્રેણીમાં ૨-૦ની નિર્ણાયક લીડ મેળવી લેવા માટે સજ્જ બોલિંગ અને બેટિંગ બંનેમાં અશ્વિન છવાયો**



મોહાલી,તા. ૨૮

મોહાલીના પંજાબ ક્રિકેટ એસોસિએશન મેદાન ખાતે રમાઈ રહેલી ત્રીજી ટેસ્ટ મેચના આજે ત્રીજા દિવસે ભારતે જીતવા માટેની સ્થિતિ ઉભી કરી દીધી હતી. ઈંગ્લેન્ડ હજુ પણ ૫૬ રન પાછળ છે અને તેની માત્ર છ વિકેટ હાથમાં છે જેથી આ ટેસ્ટ મેચ પણ હવે ભારતના હાથમાં આવી ગઈ છે. જીતવા માટેની માત્ર ઔપચારિકતા બે દિવસમાં ભારતને અદા કરવાની છે. જાણકાર ક્રિકેટ પંડિતોના કહેવા મુજબ આવતીકાલે સવારે જ ભારતીય ટીમના બોલરો ઈંગ્લેન્ડના બાકી બેટ્સમેનોને પેવેલિયન ભેગા કરી દેશે. ઈંગ્લેન્ડના બેટ્સમેનો ભારતને બીજા દાવમાં બેટિંગ માટે ફરજ પાડી શકે છે કે કેમ તેના ઉપર હવે નજર રહેશે. ઈંગ્લેન્ડની ટીમ પહેલાથી જ હજુ ૫૬ રન પાછળ છે. આજે ભારત તરફથી ગઈકાલે નોટઆઉટ રહેલા અશ્વિન અને રવિન્દ્ર જાડેજા તેમજ જયંત યાદવે પુછડિયા બેટ્સમેન

● અનુસંધાન પાન-૭ પર

# સંસદમાં ભારે હોબાળો : ભારત બંધ નિષ્ફળ

**કોંગ્રેસ, બહુજન સમાજ પાર્ટી, તૃણમુલ કોંગ્રેસ અને જેડીયુ ભારતબંધથી દૂર રહીને માત્ર વિરોધ પ્રદર્શન કરતા રહ્યા : કોંગ્રેસ દ્વારા આક્રોશ દિવસ મનાવાયો ડાબેરી શાસિત રાજ્યોમાં ભારત બંધને આંશિક સફળતા**



નવી દિલ્હી,તા. ૨૮

નોટબંધીની સામે વિરોધ પક્ષોએ આજે સંસદથી લઈને માર્ગો સુધી દેખાવો કર્યા હતા અને વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં એનડીએ સરકારને ભીંસમાં લેવાના પ્રયાસ કર્યા હતા. સરકારની સામે મોરચાબંધી કરવામાં આવી હતી. સંસદમાં એકબાજુ વિરોધ પક્ષોની ધાંધલ ધમાલના કારણે કામગીરી ઠપ રહી હતી. બીજી બાજુ માર્ગો ઉપર ભારત બંધને લઈને વિરોધ પક્ષોમાં વિભાજનની સ્થિતિ રહી હતી. દેશના મોટાભાગના વિસ્તારોમાં બંધની કોઈ અસર જોવા મળી ન હતી. જ્યારે ડાબેરી શાસિત રાજ્યોમાં બંધને આંશિક પ્રતિસાદ મળ્યો હતો. કોંગ્રેસ, જેડીયુ, બહુજન સમાજપાર્ટી, તૃણમુલ કોંગ્રેસ બંધમાં જોડાયા ન હતા.

બીજી બાજુ કોંગ્રેસે આમા સીધીરીતે સામે ન થઈને જનઆક્રોશ દિવસ મનાવીને સરકાર ઉપર દબાણ વધારાવાના પ્રયાસ કર્યા હતા.

● અનુસંધાન પાન-૭ પર

# બેંકમાં ૨.૫ લાખ જમા કરનારની પણ તપાસ થઈ શકે

**સંસદમાં સપ્તાહમાં એક સુધારો રજૂ કરી શકાય છે : બધા મોટા ડિપોઝિટની તપાસ કરવામાં આવી શકે: રિપોર્ટ**

નવી દિલ્હી,તા. ૨૮

નોટબંધીના નિર્ણય બાદ જે લોકો ૫૦૦ અને ૧૦૦૦ રૂપિયાની ગેરકાયદે જાહેર કરવામાં આવેલી નોટ મારફતે ૨.૫ લાખ રૂપિયા સુધીની રકમ પોતાના ખાતામાં જમા કરી રહ્યા છે તે લોકોની તપાસ પણ કરવામાં આવી શકે છે. સરકાર બિનહિસાબી આવક રાખનાર લોકો સાથે જોડાયેલી જે યોજના પર કામ કરી રહી છે તે હેઠળ અઢી લાખ રૂપિયા સુધી જમા કરનાર લોકોની પણ પુછપરછ કરવામાં આવી શકે છે. સરકાર આ સપ્તાહમાં સંસદમાં એક સુધારો રજૂ કરી શકે છે. રદ કરવામાં આવેલા નોટ મારફતે જે લોકો બિનહિસાબી રકમ જમા કરી રહ્યા છે તે લોકો માટે આ સુધારામાં એવી વ્યવસ્થા કરવામાં આવી રહી છે કે તે ૫૦ ટકા ટેક્સની ચુકવણી કરે. ૨૫ ટકા રકમ ચાર વર્ષ સુધી જીરો પરસન્ટ વ્યાજ પર લોક કરે. આવી રીતે તેની પાસે તત્કાલ ઉપયોગ માટે બિનહિસાબી રકમનો માત્ર ૨૫ ટકા હિસ્સો જ બચી જશે.

● અનુસંધાન પાન-૭ પર

# ફરાર ત્રાસવાદી હરમિન્દર ઝડપાયો

**સવારમાં દિલ્હીમાં ઝડપાઈ જતા વહીવટીતંત્રને મોટી રાહત : ફરાર થઈ ગયેલા અન્ય અપરાધીઓને પકડી પાડવા માટે વ્યાપક શોધખોળ યથાવત રીતે જારી**



નવી દિલ્હી,તા. ૨૮

પંજાબની અતિ સુરક્ષા વ્યવસ્થા ધરાવતી નાભા જેલમાં હુમલો કરવામાં આવ્યા બાદ ફરાર થઈ ગયેલા કુખ્યાત ત્રાસવાદી હરમિન્દર સિંહ મિન્ટુને પકડી પાડવામા સફળતા મળી ગઈ છે. તેને બનાવ બન્યાના ૨૪ કલાકની અંદર જ ઝડપી પાડવામાં સફળતા મેળવી લેવામાં આવી છે. ખાલિસ્તાન લિબરેસન ફોર્સના ત્રાસવાદી મિન્ટુ ફરાર થયા બાદ પોલીસની પ્રતિષ્છાને મોટો ફટકો પડ્યો હતો. તેને પકડી પાડવા માટે વ્યાપક તપાસ જુદી જુદી જગ્યાએ ચાલી રહી હતી. તે રવિવારના દિવસે જેલ પર હુમલો કરવામાં આવ્યા બાદ ફરાર થઈ ગયો હતો. દિલ્હી પોલીસે તેની અહીં ધરપકડ કરી હતી. તેની પુછપરછ બાદ કેટલીક નવી વિગત સપાટી પર આવી શકે છે. પંજાબમાં અતિ સુરક્ષા વ્યવસ્થા ધરાવનાર નાભા જેલમાં ગઈકાલે સવારમાં મોટો હુમલો કરવામાં આવ્યો હતો. ૧૦ હથિયારબંધ અપરાધીઓએ જેલ પર હુમલો કરીને ખાલિસ્તાન લિબ્રેશન ફોર્સના એક આતંકવાદી સહિત છ અપરાધીઓને છોડાવી લીધા હતા. ગઈકાલે સવારે પોલીસના

● અનુસંધાન પાન-૭ પર






## રૂપિયો ૩૦ પૈસા ઘટ્યો

ડોલર સામે રૂપિયો આજે ૩૦ પૈસા ઘટીને ૬૮.૭૬ની સપાટીએ રહ્યો હતો. ફંડ આઉટફ્લોની વણસી રહેલી સ્થિતિ વચ્ચે નોટબંધીના પરિણામ સ્વરુપે ડોલર સામે રૂપિયો ઘટીને નીચી સપાટીએ પહોંચ્યો હતો. તેમાં ૩૦ પૈસાનો ઘટાડો આજે જોવા મળ્યો હતો. ૨૦૧૬માં સૌથી નીચી સપાટીએ તે પહોંચ્યો હતો. કોર્પોરેટ કંપની તરફથી ડોલરની માંગ આજે જોવા મળી હતી. ઈન્ટર બેંક ફોરેન એક્સચેંજ માર્કેટમાં રૂપિયો આજે સવારે ૬૮.૪૨ની સપાટીએ ખુલ્યો હતો.

## દિલ્હીમાં ૪૦ કરોડની જૂની નોટો પકડાઈ

નવીદિલ્હી, તા. ૨૮

નોટબંધી બાદથી એક પછી એક નવી નીતિ અપનાવીને લોકો બ્લેકમનીને વ્હાઈટ કરવાના પ્રયાસ કરી રહ્યા છે. આના ઉપર ઈન્કમ ટેક્સ વિભાગની પણ હવે બાજ નજર કેન્દ્રિત થઈ ગઈ છે. ડિપાર્ટમેન્ટે દિલ્હીમાં એક પ્રાઈવેટ બેંકની શાખામાં મોટાપાયે ચલણથી બહાર થઈ ચુકેલી નોટોને જમા કરવાના મામલાને પકડી પાડવામાં સફળતા મેળવી છે. એક્સિસ બેંકની કાશ્મીરીગેટ શાખામાં ૧૦૦૦ અને ૫૦૦ રૂપિયાની જુની નોટોના આશરે ૪૦ કરોડ રૂપિયાની જંગી રકમ જપ્ત કરવામાં આવી છે. આવકવેરા વિભાગ છેલ્લા ત્રણ દિવસથી એક્સિસ બેંકનીશાખા અને બ્રાંચ મેનેજરના બે સ્થળોની તપાસ કરી રહ્યા હતા. આ ગાળા દરમિયાન રોકડ અને કેટલાક મહત્વપૂર્ણ દસ્તાવેજો જપ્ત કરવામાં આવ્યા છે.





